# કેશુબાપા સાચા લોકનેતા હતા : મોદી

## સમાચાર મળવા સાથે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કેશુભાઈના પુત્રને ફોન કરી દીલસોજી વ્યક્ત કર્યા બાદ તેમના ફોટા સાથે ટ્વીટ કરીને શ્રધ્ધાંજલિ આપી

નવી દિલ્હી, તા. ૨૯

પીએમ મોદીએ કેશુભાઈ પટેલના અવસાન પર ઉંડું દુઃખ વ્યક્ત કરતા સ્વર્ગસ્થના પુત્ર ભરત પટેલ સાથે વાત કરીને શ્રદ્ધાંજલિ આપી હતી. પીએમે એમ પણ જણાવ્યું હતું કે મારા જેવા કેટલાય યુવા કાર્યકર્તાઓ કેશુભાઈના હાથ નીચે તૈયાર થયા છે. ગુજરાતમાં ભાજપનો પાયો નાખનારા કેશુભાઈ પટેલનો આજે ૯૨ વર્ષની વયે સ્વર્ગવાસ થયો છે. કેશુભાઈને શ્રદ્ધાંજલિ આપતા પીએમ મોદીએ જણાવ્યું હતું કે તેઓ કેશુભાઈની વિદાયથી ખૂબ જ દુઃખી છે. કેશુભાઈને આલા દરજ્જાના નેતા ગણાવતા મોદીએ ટ્વીટ કર્યું હતું કે તેઓ સમાજના દરેક માનવીની સંભાળ લેતા હતા. કેશુભાઈનું જીવન ગુજરાતના વિકાસને સમર્પિત હતું તેમ જણાવતા પીએમે કહ્યું હતું કે દરેક ગુજરાતીને સશક્ત બનાવવાની દિશામાં તેમણે સિંહફાળો આપ્યો હતો. કેશુભાઈના ભાજપમાં પ્રદાન અંગે પીએમે કહ્યું હતું કે તેઓ જનસંઘ અને ભાજપને મજબૂત બનાવવા ગુજરાતના ગામડેગામડાંમાં ફર્યા હતા. કેશુભાઈએ ઈમરજન્સીનો પૂરી ક્ષમતાથી પ્રતિકાર કર્યો હતો. ખેડૂતોનું કલ્યાણ હંમેશા તેમના હદયમાં રહેતું. એક ધારાસભ્ય



તરીકે તેમજ સીએમ તરીકે તેમણે હંમેશા ખેડૂતો માટે હિતકારી પગલાં સરકાર લેતી રહે તે સુનિશ્ચિત કર્યું હતું. કેશુભાઈને પોતાના ગુરુ ગણાવતા પીએમે લખ્યું હતું કે તેમણે મારા જેવા અનેક યુવા કાર્યકર્તાઓને તૈયાર કર્યા છે. દરેક વ્યક્તિને તેમનો સાલસ સ્વભાવ પસંદ પડતો. તેના અવસાનથી ક્યારેય પૂરી ના શકાય તેવી ખોટ પડી છે. ઉલ્લેખનીય છે કે, મોદી ૨૦૦૧માં ગુજરાતના સીએમ બન્યા ત્યારથી લઈને તેઓ પીએમ બન્યા ત્યાં સુધી ચૂંટણીમાં વિજય મળ્યા બાદ તેઓ કેશુબાપાના આશિર્વાદ લેવા માટે ભૂલ્યા વિના જતા હતા. પીએમ બન્યા બાદ તેઓ ગાંધીનગર આવ્યા હોય ત્યારે લગભગ કેશુભાઈને મળવાનું નહોતા ચૂકતા. ૨૦૧૪ની લોકસભા ચૂંટણીમાં ભાજપના ભવ્ય વિજય બાદ પીએમ મોદી ગુજરાત આવ્યા ત્યારે મહાત્મા મંદિરમાં તેમના સમ્માનમાં એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કેશુબાપા પણ હાજર હતા. તે વખતે મોદી કેશુબાપાનો હાથ પકડી તેમને સ્ટેજ પર લાવ્યા હતા, અને ખુરશી પર બેસાડ્યા હતા. દેશના રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ પણ ટ્વીટ પર કેશુબાપાને શ્રદ્ધાંજલિ પાઠવી હતી. તેમણે લખ્યું કે કેશુભાઈ પટેલના નિધનથી રાષ્ટ્રે એક મોટા ગજાના નેતા ગુમાવી દીધા છે. કેશુબાપાના નિધન પર લાલકૃષ્ણ અડવાણીએ દુઃખ વ્યકત કરતા કહ્યું કે, ગુજરાતની પ્રગતિમાં તેમનું યોગદાન વિશેષ હતું. કેન્દ્રીય મંત્રી અમિત શાહે કેશુભાઈ અંગે કહ્યું કે તેમનું જીવન જનતાની સેવામાં સમર્પિત રહ્યું. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે શ્રદ્ધાંજલિ પાઠવતા કહ્યું કે, તેમનું રાજ્યના વિકાસમાંનું યોગદાન ક્યારેય ભૂલી શકાશે નહીં કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ ગુજરાતની પ્રગતિમાં કેશુબાપાનું યોગદાન ખાસ હોવાનું કહ્યું હતું. કેન્દ્રીય સુરક્ષા મંત્રી રાજનાથસિંહે કહ્યું કે, કેશુભાઈ ભાજપના સન્નિષ્ઠ નેતા હતા. ભાજપના પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલ, કોંગ્રેસના નેતા શક્તિસિંહ ગોહિલ, અને કોંગ્રેસના નેતા અમિત ચાવડાએ પણ કેશુબાઈને અંજલિ આપી હતી.

## રાજ્ય કેબિનેટે કેશુભાઈ પટેલને શ્રદ્ધાંજલિ આપી

### મંત્રીમંડળે બે મિનીટનું મૌન પાળી સદ્‌ગત કેશુભાઈ પટેલને શ્રદ્ધાંજલિ અને તેમની આત્માની પરમ શાંતિની પ્રાર્થના કરી

મુખ્યમંત્રી વિજય રૂપાણીના અધ્યક્ષસ્થાને નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ અને રાજ્ય મંત્રીમંડળના મંત્રીઓની મળેલી કેબિનેટ બેઠકમાં રાજ્યના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અને વરિષ્ઠ અગ્રણી સ્વ. કેશુ પટેલના અવસાન અંગે ઊંડા ખેદ અને દુઃખની લાગણી વ્યકત કરવામાં આવી હતી.રાજ્ય મંત્રીમંડળે પૂર્વ મુખ્યમંત્રી સ્વ.કેશુભાઈ પટેલને ભાવસભર શ્રદ્ધાંજલી આપતો શોક પ્રસ્તાવ આ બેઠકમાં પસાર કર્યો હતો. ગુજરાતના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અને રાજ્યના અગ્રણી રાજનેતા કેશ પટેલનું સ્ટર્લિંગ હોસ્પિટલ, અમદાવાદ ખાતે તા. ૨૯/૧૦/૨૦૨૦ના રોજ ૯૨ વર્ષની વયે થયેલ દુઃખદ અવસાનની મંત્રીમંડળે ઊંડા ખેદ સાથે નોંધ લીધી છે. જેઓની ચિરવિદાયથી ગુજરાતના રાજકીય અને સામાજિક જીવનમાં ફેલાયેલી આ શૂન્યતાને પૂરવાનો કોઈ વિકલ્પ નથી તેવા સ્વ. કેશુ પટેલના અવસાન અંગે રાજ્ય મંત્રીમંડળ, ગુજરાતની જનતા અને સરકાર ઊંડા દુઃખ અને શોકની લાગણી વ્યક્ત કરે છે.

## કેશુબાપાને મહાનુભાવોની અંજલી

સ્વ. કેશુભાઈ પટેલે પોતાનું સમગ્ર જીવન રાષ્ટ્રને અર્પણ કર્યું હતું. એટલું જ નહિ, ખેડૂતપુત્ર તરીકે પણ તેમણે ખેડૂત હિત સહિત



અનેક લોક સેવા કાર્યોથી ભાજપાને અપ્રતિમ લોકચાહના અપાવી છે. સ્વ. કેશુભાઈના અવસાનથી આપણને સૌને ન પૂરાય તેવી મોટી ખોટ પડી છે અને આ ખોટ આપણને સદાય સાલશે.

**- વિજયભાઈ રૂપાણી, મુખ્યમંત્રી**

●●●

સ્વ. કેશુભાઈ પટેલ ખરા અર્થમાં લોકોના નેતા હતા. ગુજરાતના સર્વાંગી વિકાસમાં તેમનું પ્રદાન ક્યારેય ભૂલી શકાશે નહિ. સ્વ. કેશુભાઇ પટેલે તેમનું સમગ્ર જીવન રાષ્ટ્રહિતના કાર્ય માટે અર્પણ કર્યું હતું. ગુજરાતનો સર્વાંગી વિકાસ તેમના જીવનનું લક્ષ્ય હતું. તેમના નિધનથી પરિવારજનો ઉપર આવી પડેલા અસહ્ય દુઃખને સહન કરવાની પરમ કૃપાળુ પરમાત્મા શક્તિ પ્રદાન કરે અને સદગતના આત્માને ચિર શાંતિ અર્પે તેવી પ્રાર્થના.

**- આચાર્ય દેવવ્રત, રાજ્યપાલશ્રી**

●●●

ખેડૂતો, પશુપાલકો અને સામાન્ય નાગરિકોની ચિંતાના હિમાયતી એવા સ્વ. કેશુભાઈના જવાથી ગુજરાતને ન પૂરી શકાય એવી ખોટ પડી છે. વર્ષ ૧૯૯૫માં રાજયમાં પ્રથમવાર સ્પષ્ટ બહુમતી સાથે ભારતીય જનતા પાર્ટીની પ્રથમ સરકાર બની ત્યારે તેઓ પ્રથમ મુખ્યમંત્રી બન્યા હતા એમના મુખ્યમંત્રી તરીકેનો તેમનો આ કાળ રાજયની વિકાસયાત્રામા સુવર્ણ અક્ષરે લખાશે. તેમણે શરૂ કરેલી ગોકુળ ગ્રામ યોજના ગામડાઓના સર્વાંગી વિકાસ માટે આશીર્વાદરૂપ નીવડી હતી અને આજે પણ લોકોના મુખે ચર્ચાઈ રહી છે. એમના દીઘર્દ્રષ્ટિ પૂર્ણ નિર્ણયો અને દર્ષ્ટિવંત નેતૃત્વને ત્યારબાદના અમારા મુખ્યમંત્રીઓ એ આગળ વધારી છે જેના પરિણામે આજે ગુજરાત દેશનુ વિકાસ મોડલ પુરવાર થઈ રહ્યુ છે.

**- નીતિનભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી**

●●●

મારા આત્મીય મિત્ર અને રાજકીય ગુરૂ એવા ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી કેશુભાઈ પટેલની ઓચિંતી વિદાયે આંખમાં આંસુ અને મનમાં શૂન્યતા છે. આ પળે સ્વજનસમ કેશુભાઈની કેટ કેટલી સ્મૃતિઓ મનમાં ઉભરાઈ આવે છે, મન કબૂલવા તૈયાર નથી કે સરળતા, સહજતા અને વિદ્વતાની મૂર્તિ સમા કેશુભાઈ આજે આપણી વચ્ચે નથી રહ્યાં.

પ્રભુ તેમના આત્માને પરમ શાંતિ અર્પે અને પરિવારને આવી પડેલા દુઃખને સહન કરવાની શક્તિ આપે એજ પ્રાર્થના...

**- ડો. એ.કે. પટેલ, પૂર્વ કેન્દ્રિય મંત્રી**

●●●

આજે ગુજરાતે એક સંવેદનશીલ લોક સેવક અને રાજ નેતા ગુમાવ્યા છે. કોઈ અજાણ્યા નાગરીકને કંઇ તકલીફ થાય અને તેની પીડા પોતે અનુભવે તેવા સંવેદનશીલ નેતા તરીકે ગુજરાતની પ્રજા કાયમ યાદ રાખશે. ગુજરાતના ગામડાને ગોકુલગ્રામ બનાવવાનુ અને નર્મદા પાઈપલાઈન દ્વારા કચ્છ અને સૌરાષ્ટ્ર સુધી પીવાનું પાણી પંહોચાડવાનું ભગીરથ કામ આદરણીય કેશુભાઈ પટેલે કર્યુ મને તેમની સાથે રાજ્ય મંત્રી મંડળમાં કામ કરવાની તક મળી તેને હુ મારુ સદભાગય સમજુ છુ સ્વર્ગસ્થને મારી શ્રધ્ધાંજલી પાઠવું છુ.

**- મહેન્દ્ર ત્રિવેદી (પૂર્વ ગૃહમંત્રી)**

●●●

ગુજરાતના જાહેર જીવનના એક મુઠી ઉંચેરા વ્યકિત્વએ આપણી વચ્ચેથી વિદાય લીધી છે. ગુજરાતના જાહેર જીવનમાં ન પુરી શકાય તેવી ખોટ પડી છે. નાનામાં નાના માણસ સાથે સીધો સંવાદ કરવાની તેઓની એક આગવી શૈલી હતી. જાહેર જીવનમાં ઘણા કડવા ઘુટ મીઠાશની જેમ ઉતારીને નીલકંઠ સમાન જીવી જનાર કોમળ હ્યદયના કેશુ બાપાને મારા અંતઃકરણપુર્વક પ્રણામ પાઠવવાની સાથે તેઓના નશ્વર દેહને પરમ કૃપાળુ પરમાત્મા ચીર શાંતિ અર્પે અને તેઓના પરીવાર પર અચાનક આવી પડેલ દુઃખ સહન કરવાની ઈશ્વર શકિત આપે તેવી પ્રાર્થના.

**- અહમદ પટેલ, (સાંસદ-કોંગ્રેસના વરિષ્ઠ અગ્રણી)**

●●●

અચાનક ગુજરાતના પૂર્વ સી.એમ., જનસંઘ-ભાજપના મોભી, સોમનાથ ટ્રસ્ટના પ્રમુખ કેશુભાઈ પટેલના અવસાનથી અત્યંત દુઃખની લાગણી અનુભવુ છું. જનસંઘથી ભાજપના વિકાસ માટે અને ગામડાનાં વિકાસ, ખેડૂતહિત, નર્મદા યોજના સાથે ગુજરાતના સર્વાંગી વિકાસમાં તેમના સમર્પિત યોગદાનને જનતા હંમેશા યાદ રાખશે.

**- ભરત પંડ્યા (પ્રવક્તા પ્રદેશ ભાજપ)**



મોબાઈલ ૯૮૨૫૪૭૩૬૬૫

## આપની આજ

- ભાવેશ એન પટ્ટણી

Email:- info@BhaveshNPattni.com
Website:- www.BhaveshNPattni.com

### આજનું પંચાંગ

| | |
|---|---|
| ઉદિત તિથિ | શુક્લ પક્ષ ચતુર્દશી સાંજે ૫:૪૫ સુધી, ત્યાર બાદ પૂર્ણિમા |
| વાર | શુક્ર |
| નક્ષત્ર | બપોરે ૨:૫૭ સુધી રેવતી, ત્યાર પછી અશ્વિની |
| કરણ | સાંજે ૫:૪૫ સુધી વણિજ, ત્યાર પછી વિષ્ટિ આખી રાત |
| યોગ | ૩૧ ઓક્ટોબરની વહેલી સવારે ૩:૩૩ સુધી વજ, ત્યાર બાદ સિદ્ધિ |
| આજની રાશિ | બપોરે ૨:૫૭ સુધી મીન, ત્યાર પછી મેષ |
| રાશિના અક્ષરો | બપોરે ૨:૫૭ સુધી દ. ચ. ઝ. થ. |

### આજનું રાશિ ફળ (જન્મની ચંદ્ર રાશિ મુજબ)

**મેષ (અ. લ. ઈ.)**

આજે બપોર સુધીનો સમય મધ્યમ છે. બપોરે ત્રણ પછી ગતિવિધિઓ વધારે સારી રહેશે. કામો પૂર્ણાહુતિ તરફ આગળ વધશે. ઉત્સાહ અને ઉર્જામાં વધારો જણાશે. આજના દિવસે કોઈ પણ મહત્વની મિટિંગ કરવી હોય તો બપોરે ૩ વાગ્યા પછી કરવી, જેથી સફળતાની શક્યતાઓ વધી જાય. ટૂંકમાં સારો સમય છે, એનો લાભ લેજો.

**વૃષભ (બ. વ. ઉ.)**

દિવસની શરૂઆત સારી થાય પણ દિવસ આગળ વધે તેમ મુશ્કેલીઓ પણ વધતી જાય. એવું લાગે કે જાણે આપે કોઈ ભૂલ કરી હોય અને તેનું પરિણામ ભોગવી રહ્યાં હોવ. હકીકતે એવું નથી, ગ્રહયોગો બપોરે ૩ વાગ્યા પછી સારાં નથી. અચાનક મગજ પર વાદળા છવાય અને સૂઝ પડવાનું બંધ થઈ જાય. એકાદ બે દિવસમાં બધું થાળે પડી જશે, ફિકર નક્કો રે બાબા ! રિલેક્સ.

**મિથુન (ક. છ. ઘ)**

દિવસની શરૂઆત સારી અને દિવસનો અંત વધુ સારો રહેશે. આજના દિવસે જે તકો આપ ઝડપશો, તે એકદમ ઝડપી પરિણામો આપશે. આપને એમ લાગશે કે કોઈ ગેબી/ભેદી શક્તિ આપને મદદ કરી રહી છે. આજના દિવસે જેટલા સારાં પરિણામો આપને મળશે, એ ખુશીઓ આપ અન્ય લોગો સાથે પણ વહેંચશો, ખાસ તો મિત્રો સાથે. કવિ મકરંદ દવે સાહેબે કહ્યું જ છે ‘ગમતાંનો કરીએ ગુલાલ.

**કર્ક (ડ. હ.)**

દિવસ સારી રીતે શરુ થશે. કિસ્મત આપની તરફેણમાં છે, એવું મહેસુસ થશે. આજના દિવસે ઘણી નવી મુલાકાતો થઈ શકે. નવા લોકો સાથે વાતચીત કરવાની મજા પણ આવે. જે લોકો આપનું મહત્વ ઓછું આંકતા હતાં, તે લોકોને આપની મહત્તા સમજાય, જેથી આપ આનંદિત થાઓ. આજે આપ પરિચિતો અને સ્વજનોની ખૂબ કાળજી લેશો.

**સિંહ (મ. ટ.)**

આજના દિવસની શરૂઆત મધ્યમ રહેશે. આપને બહુ ઉત્સાહ નહીં હોય. પણ જેમ જેમ દિવસ આગળ વધશે તેમ તેમ આપની આશાઓમાં વધારો થશે. સંજોગો બપોરે ૩ વાગ્યા પછી વધારે અનુકુળ હોવાને લીધે, નોકરી કે ધંધાને લાગતાં બધાં જ મહત્વના કાર્યો ત્યાર બાદ શેડ્યુલ કરવાની હું સલાહ આપું છું. આજે ફતેહ કરો, પણ બપોરે ૩ વાગ્યા પછી.

**કન્યા (પ. ઠ. ણ)**

આજના દિવસની શરૂઆત અન્ય લોકોના અભિપ્રાયો, તેમને સંબંધિત કાર્યો અને અન્ય લોકોની અપેક્ષાઓથી થશે. આપ બહુ સહનશીલ તો નથી, પણ સમહાઉ યુ વિલ મેનેજ, આપ હેન્ડલ કરી લેશો. બપોરે ૩ વાગ્યા પછી અચાનક હતોત્સાહ થઈ જવાય, એવું બને. એવા સમયે એક વાત યાદ કરી લેવી કે ‘જેમ પાંચ આંગળીઓ સરખી નથી, તેમ બધાં દિવસો પણ સરખાં ન હોઈ શકે. એની જ મજા છે.

**તુલા (ર. ત.)**

આજના દિવસની શરૂઆતની ક્ષણો સંઘર્ષમય રહી શકે પણ જેમ જેમ દિવસ આગળ વધશે, તેમ આપને ખ્યાલ આવશે કે બધી બાબતોમાં નિરાશ થવાની જરૂર નથી. બપોરે ૩ વાગ્યા પછી અન્ય લોકો આપની સરાહના કરશે, તેમનો સપોર્ટ આપને મળી રહેશે, જેનાથી આપ રાજીના રેડ થઈ જશો. આજના દિવસે સોશિયલ મીડિયા પર અગત્યની પ્રવૃત્તિ કરવી હોય તો બપોરે ૩ વાગ્યા પછી જ કરજો હોં ને.

**વૃશ્ચિક (ન. ય.)**

આજે બપોરે ૩ વાગ્યા સુધી ઉત્સાહી અને ઉમંગી રહેશો પણ ત્યાર બાદ, અચાનક ઉત્સાહમાં ઘટાડો થવાની શક્યતા નકારી શકાય નહીં. આપને કોઈ રિસર્ચ કરવું હોય તો બપોરે ૩ વાગ્યા પછી એ સંશોધન શરુ કરવું, આપ એમાં ઊંડા ઉતારી શકશો. પ્રિય પાત્ર આપનાથી કોઈક બાબતે નારાજ થઈ જાય તેવું બને. અંગત જીવન માટે આજનો દિવસ સંવેદનશીલ છે.

**ધન (ભ. ફ. ધ. ઢ)**

ધન રાશિના જાતકો, આપને સવારથી બપોર સુધીના સમયમાં દ્વિધા થવાની સંભાવનાઓ છે. કોઈ ઠોસ નિર્ણય લેવામાં તકલીફ પડી શકે. પરંતુ ત્યાર બાદ એટલે કે બપોરે ૩ પછી આપ એક વસ્તુ સમજી જશો કે કિસ્મત નામક વસ્તુ જોરદાર રીતે કામ કરતી હોય છે. જે કોઈ પણ તક આવે તે ઝડપી લેવામાં જ મજા છે. બિલકુલ વિલંબ કરશો નહીં.

**મકર (ખ. જ.)**

આજે સવારથી બપોરે ૩ વાગ્યા સુધી તો કામકાજ અંગે જ મગજ દોડ્યા કરશે પણ ત્યાર બાદ, ઘર પરિવાર અંગે વિચારો આવશે. નવું વાહન કે મકાન લેવાના વિચારો આવશે. વડિલો અંગે ચિંતા પણ થશે. આપ મહેનતુ છો પરંતુ બહુ બધી જવાબદારીઓ એક સાથે આવે તો એ આપના માટે થકવી નાખનારી ઘટના છે. ધીરે ધીરે રસ્તા નીકળશે. બહુ ચિંતા કરશો નહીં.

**કુંભ (ગ. શ. સ.)**

આપને વિશેષ લાગણી એ બાબતો અંગે રહેશે જે બાબતો આપની ક્ષમતાઓ સાથે સંકળાયેલી છે. કોઈ તે અંગે પ્રશ્ન કરશે તો આપને ગમશે નહીં. સવાર સારી તો દિવસ સારો – આ સૂત્ર યાદ રાખજો. બપોરે ૩ વાગ્યા પછી મગજમાં નવા નવા આઈડીયાઝ આવશે અને એ આઈડિયા મુજબ કેમ કામ કરવું, તે આપ વિચારશો. અત્યંત મોટા નિર્ણયો લેવા માટે દિવસ શુભ નથી.

**મીન (દ. ચ. ઝ. થ)**

આજે દિવસની શરૂઆત તો સરસ જ થવાની છે. દિવસ જેમ આગળ વધશે તેમ વધારે સારો પણ થશે. બપોરે ૩ વાગ્યા પછી, આપને આર્થિક બાબતો અંગે વિચારો આવશે. એ વિચારો આપને વધુ ઈમોશનલ બનાવી દેશે. આપ દરેક વસ્તુ દિલ પર લઈ લેતાં હોવ છો. એવું ન કરો. દિલ અને દિમાગ વચ્ચે સંતુલન જાળવો. મજા સંતુલનમાં જ છે.

# ૨૪ કલાકમાં નવા ૯૮૭ કેસ

## રાજ્યમાં કોરોનાથી કુલ ૪ લોકોનાં મોત : અત્યાર સુધીમાં કુલ ૫૨૯૮૯ ટેસ્ટ કરવામાં આવ્યા તેમજ ૧૫૪૦૭૮ લોકો સાજા થતા ડિસ્ચાર્જ કરાયા હતા

ગાંધીનગર,તા.૨૯

રાજ્યમાં કોરોનાની સ્થિતી દિવસેને દિવસે સુધારો થતો હોય તેવું દેખાઈ રહ્યું છે. ધીરે ધીરે હવે કોરોનાનો આંકડો ૧૦૦૦ ને નીચે પહોંચ્યો હતો. જો કે હવે ધીરે ધીરે કોરોના કાબુમાં આવી રહ્યો હોય તે પ્રકારે આંકડા ઘટી રહ્યા છે. આજે રાજ્યમાં નવા ૯૮૭ કોરોના દર્દી નોંધાયા હતા. રાજ્યમાં ૧૦૮૩ દર્દીઓ સાજા થઈને ઘરે પરત ફરી ચુક્યા છે. અત્યાર સુધીમાં કુલ ૧,૫૪,૦૭૮ દર્દીઓ સાજા થઈ ચુક્યા છે. રાજ્યમાં દર્દીઓના સાજા થવાનો દર ૯૦.૦૮ ટકા થઈ ચુક્યો છે.

રાજ્યમાં ટેસ્ટની સંખ્યામાં પણ દિન પ્રતિદિન વધારો કરવામાં આવી રહ્યો હોવાના દાવા સરકાર કરી રહી છે. આજે રાજ્યમાં કુલ ૫૨,૯૮૯ ટેસ્ટ કરવામાં આવ્યા હતા. જે રાજ્યની વસ્તી અનુસાર પ્રતિ દિવસ ૮૧૫.૨૨ પ્રતિ મીલીયન થાય છે. રાજ્યમાં અત્યાર સુધીમાં કુલ ૫૯,૫૦,૬૧૬ ટેસ્ટ કરવામાં આવ્યા છે. રાજ્યમાં જુદા જુદા જિલ્લાઓમાં આજની તારીખે કુલ ૫,૧૫,૨૬૪ વ્યક્તિઓને ક્વોરન્ટાઈન કરવામાં આવ્યા છે. જે પૈકી ૫,૧૫,૦૪૮ વ્યક્તિઓને હોમ ક્વોરન્ટાઈન કરવામાં આવ્યા છે. જ્યારે ૨૧૬ વ્યક્તિઓને ફેસીલીટી ક્વોરન્ટાઈન રાખવામાં આવ્યા હોવાની માહિતી પ્રાપ્ત થઈ રહી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, રિકવરી રેટ ૯૦.૦૮ ટકા છે જે ખુબ જ સારો હોવાનું સરકાર દ્વારા જણાવવામાં આવી રહ્યા છે.જો એક્ટિવ દર્દીઓની વાત કરીએ તો રાજ્યમાં હાલ ૧૩,૨૫૪ એક્ટિવ કેસ છે. વેન્ટિલેટર પર ૬૧ છે. જ્યારે ૧૩૧૯૩ લોકો સ્ટેબલ છે. ૧,૫૪,૦૭૮ લોકોને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. અત્યાર સુધીમાં કુલ ૩૭૦૮ લોકોનાં મોત નિપજ્યા છે. આજે ૦૪ લોકોનાં મોત નિપજ્યાં છે. જે પૈકી અમદાવાદ કોર્પોરેશનના ૧, ગાંધીનગર કોર્પોરેશન ૧, સુરત ૧ અને સુરત કોર્પોરેશનનાં એક સહિત કુલ ૫ દર્દીઓનાં કોરોનાને કારણે મોત નિપજ્યાં છે.



### રાંધેજા ગામનો બિસ્માર માર્ગ ક્યારે રીપેર થશે

તાજેતરમાં રાંધેજા ગામનો સમાવેશ મહાનગર પાલિકા વિસ્તારમાં કરવામાં આવ્યો છે. ગામનો મનપામાં સમાવેશ થયો હોવા છતા ગામની અંદરની હાલત ખરાબ હોવાનું ચિત્ર સ્પષ્ટ થયું છે. મેઈન ભાગોળ નજીક આવેલા ચૌહાણ વાસનો રસ્તો બિસ્માર હાલતમાં છે. માર્ગ ખરાબ હોવાને કારણે કેટલાક વાહનચાલકો પડી જવાના બનાવ પણ સામે આવ્યા છે તો બીજીતરફ નાના બાળકો અને વડીલો પણ પડી જતા ઈજા પહોંચી હોવાના પણ બનાવ બન્યા છે. ત્યારે તંત્ર દ્વારા રાંધેજા ગામના માર્ગનું નવિનીકરણ કરવામાં આવે તેવી ગ્રામજનોની લાગણી અને માંગણી છે.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર જિલ્લા પંચાયતના બે નાયબ ચિટનીસ પંચાલ અને મોદી આજે વયમર્યાદાને લઈ સેવા નિવૃત્ત થયા છે. આજે પંચાયતના કર્મચારીઓએ તેમને ભાવભીની વિદાય આપી નિવૃત્ત જીવન તંદુરસ્ત રહે તેવી શુભકામના પાઠવી છે.
- ગાંધીનગરના મામલતદાર સુનિલ રાવલની બદલીના હુકમ રદ કરાયા છે. ગાંધીનગર મુકાયેલ મામલતદાર પટેલને કલોલ મુકવામાં આવ્યા છે. કલોલ મામલતદારને મહેસુલ વિભાગમાં નિમણુંક અપાઈ છે.
- ગાંધીનગર શહેરમાં ‘ચ’ રોડ પર વધેલા ટ્રાફિક ભારણને લઈ આજે ટ્રાફિક સિગ્નલ ચાર વાગ્યાથી કાર્યરત કરાયા હતા.
- ગાંધીનગર સહિત રાજયભરમાં વેબિનાર યોજી અને શિક્ષણ વિભાગે શાળાઓ શરૂ કરવાના મુદ્દે અભિપ્રાયો લીધા છે.
- ગાંધીનગર જિલ્લામાં આજે શહેર અને જિલ્લામાં કોરોના કેસોની સંખ્યા એક સરખી નોંધાઈ છે જો કે આજે કોરોના મુક્ત થનાર દર્દીઓની સંખ્યા પણ નોંધાયેલા કેસ કરતાં વધુ છે.
- ગાંધીનગર શહેરમાં આજથી સળંગ ૩ દિવસ રજાનો માહોલ હોવાથી દિપાવલી પર્વની સાદગી છતાં દબદબાભરી ઉજવણીના આયોજનની તૈયારીઓ શરૂ થઈ છે.

### બ્રહ્મપુરી પ્રાથમિક શાળાના શિક્ષકનો વિદાય સમારંભ યોજાયો

ભિલોડા,તા.૨૯

ભિલોડા તાલુકાના બ્રહ્મપુરી ગામની બ્રહ્મપુરી પ્રાથમિક શાળાના વય નિવૃત્ત શિક્ષકનો વિદાય અને સન્માન સમારંભ ઉત્સાહભેર યોજાયો હતો.બ્રહ્મપુરી પ્રાથમિક શાળાના વય નિવૃત્ત શિક્ષક વિસાભાઈ આર.પટેલનો વિદાય સમારંભ વાંદિયોલ પ્રાથમિક શાળા પરીસરમાં યોજાયો હતો.વાંદિયોલ ગ્રુપ ગ્રામ પંચાયત સરપંચ રાહુલભાઈ ગામેતી,લાલપુર ગ્રુપ ગ્રામ પંચાયત સરપંચ હિતેન્દ્રભાઈ ગામેતી,વાંદિયોલ પ્રાથમિક શાળાના આચાર્ય કમલેશભાઈ પંડ્યા,કુલદિપ શર્મા,કલ્પનાબેન પટેલ, અરૂણાબેન પટેલ,સી.આર.સી. જયેશભાઈની ઉપસ્થિતીમાં વય નિવૃત્ત શિક્ષકને શાલ ઓઢાડી,મોમેન્ટો આપી સન્માનભેર વિદાય સમારંભ યોજાયો હતો.

# અધિકારી-કર્મી પતિ-પત્નીની બદલી તે જિલ્લામાં થઈ શકે

## રાજ્ય સરકારે નવો સુધારો કર્યો : નવા સુધારામાં હાઈકોર્ટના કર્મી-અધિકારીને સામેલ કર્યા

ગાંધીનગર, તા. ૨૯

અગાઉ માત્ર સચિવાલયમાં જ કામ કરતા હોય તેવા સંચિવાલય સંવર્ગના અધિકારી-કર્મચારીના પતિ કે પત્ની જો અન્ય કોઈ જિલ્લામાં સરકારી શિક્ષક હોય તો તેની બદલી પ્રાથમિક શિક્ષણ નિયામક દ્વારા જ થઈ શકતી હતી. પરંતુ હવેથી સચિવાલય ઉપરાંત જીપીએસસી સહિતના અન્ય વિભાગો કે ખાતાઓના કર્મચારી-અધિકારીના પતિ કે પત્નિની બદલી ગાંધીનગર જિલ્લામાં થઈ શકશે. સરકારે આ નવા સુધારામાં હાઈકોર્ટના કર્મચારી-અધિકારીને પણ સામેલ કર્યા છે અને જે મુજબ હવેથી હાઈકોર્ટના અધિકારી કે કર્મચારીના પતિ કે પત્ની જો કોઈ જિલ્લામાં પ્રાથમિક શિક્ષક - વિદ્યાસહાયક હોય તો તેમની બદલી અમદાવાદ જિલ્લામાં જે સ્કૂલમાં ખાલી જગ્યા હોય ત્યાં થઈ શકશે. સરકારે પ્રાથમિક શિક્ષકો અને વિદ્યાસહાયકોની બદલી માટેના નિયમોમાં મહત્વના સુધારા જાહેર કર્યા છે.જે મુજબ હવે ધો.૧થી૫ અને ધો.૬થી૮ અલગ અલગ એકમ ગણીને શિક્ષક કે વિદ્યાસહાયકની બદલી પણ અલગ અલગ જ કરવાની રહેશે.એટલે કે વધઘટના કિસ્સામાં ધો.૧થી૫ના શિક્ષકની બદલી ધો.૬થી૮માં અને ધો.૬થી૮ના શિક્ષકની બદલી ધો.૧થી૫માં પરસ્પર રીતે નહી થઈ શકે તેમજ એક જ સ્કૂલમાં બદલી નહી કરી શકાય. હવે વધ-ઘટ બદલી કેમ્પના કિસ્સામાં પણ સરકારના આ સુધારેલા નિયમો લાગુ થશે. આ નવા સુધારા મુજબ વધઘટની બદલી કરતી વખતે હવેથી ધો.૧થી૫ની લાયકાત ધરાવતા શિક્ષકને ધો.૬થી૮માં અને ધો.૬થી૮ના શિક્ષકને ધો.૧થી૫માં બદલી કરી શકાશે નહી.અગાઉ એક જ સ્કૂલમાં જો ધો.૧થી૫માં શિક્ષકની વધ હોય તો ધો.૬થી૮માં અને ધો.૬થી૮માં વધ હોય તો ધો.૧થી૫માં બદલી કરી દેવાતી હતી પરંતુ હવેથી થઈ શકશે નહી જેથી જે તે વિષયના શિક્ષકની જ્યાં ખરેખર જરૂર હોય તે સ્કૂલમાં બાળકોને ભણાવવા માટે મળી રહે. આ ઉપરાંત અન્ય મહત્વના સુધારામાં હવે ગાંધીનગરમાં સચિવાલય ઉપરાંત અન્ય વિભાગો કે ખાતાઓ કે જેની વડી ઓફિસ રાજ્યમાં બીજે ક્યાંય ન હોય તેવા કિસ્સામાં બિન બદલીપાત્ર સરકારી અધિકારી-કર્મચારીના પતિ કે પત્નીને ગાંધીનગર જિલ્લાની સ્કૂલમાં ખાલી જગ્યા પર બદલી કરી શકાશે.

### માર્ગ પર અડચણરૂપ રીક્ષા મુકવા અંગે ચાલક સામે ગુનો નોંધાયો

ગાંધીનગર શહેરમાં ટ્રાફિક સમસ્યા છેલ્લા કેટલાક સમયથી વકરી છે. શહેરના મુખ્ય માર્ગો પર રીક્ષા, ઈકો અને જીપ સહિતના વાહનો અડચણરૂપ પાર્ક થયેલા હોય છે. જ્યારે ઘ-૩ સર્કલ પાસે શટલીયા વાહન ચાલકોનો ત્રાસ છે. ત્યારે ઘ-૩ થી ઘ-૨ તરફ જતા માર્ગ પર ટ્રાફિકને નડતરરૂપ રીક્ષા નં. જી.જે.૦૧.સી.યું-૦૪૭૦ ઉભી રાખતા ચાલકને પોલીસે પકડી પાડ્યો હતો.પોલીસે ચાલકનું નામ પુછતા તેણે લક્ષ્મણ ચેલાભાઈ ભરવાડ (રહે.સે-૪) હોવાનું જણાવ્યું હતું. જેને પગલે ટ્રાફિક પોલીસ પોપટજી સોનાજીએ ફરીયાદી બની રીક્ષા ચાલક સામે ગુનો નોંધાવ્યો હતો. જેમાં પોલીસે માર્ગ પર આવતા જતા વાહનો તેમજ નાગરીકોને અડચણરૂપ થાય તે રીતે ઉભા રહેવા બદલ તેની સામે ગુનો નોંધ્યો હતો.